## પ્રકરણ.૩

## કવિ દલપત ચૌહાણ

સાહિત્યનાં ગદ્ય સ્વરુપ કરતાં પદ્યમાં થોડા શબ્દોમાં સર્જક ઘણું બધુ સૂચવી દેતો હોય છે.ગુજરાતી સાહિત્ય લેખનની શરૂઆત પદ્યથી થયેલી હોવાનું માનવામાં આવે છે.અનુઆધુનિકયુગની ત્રણ મહત્વની ધારાઓમાંની એક દલિત સાહિત્ય ધારાની શરૂઆત પણ પદ્યલેખનથી થાય છે.મરાઠી દલિત સાહિત્યના પ્રભાવ હેઠળ ગુજરાતી દલિત સાહિત્ય લખાવા માંડ્યુ એ પહેલા દલિતોના ઉદ્ધારક ડૉ.બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિને(૬ ડિસેંબર,૧૯૫૬)અને એ પછી દલિત સમાજમાંથી શિક્ષિત થયેલા યુવાનોએ મહામાનવ પ્રત્યેના પોતાના ઋણભાવને વ્યક્ત કરતા અંજલિ કાવ્યો લખ્યા હતા.આ અંજલિ કાવ્યોનું પાછળથી સંપાદન પણ કરવામાં આવ્યુ.ગાંધીજીના પ્રભાવ હેઠળ ગાંધીયુગના કેટલાક કવિઓ પાસેથી દલિતો પ્રત્યેની સહાનુભૂતિ અભિવ્યક્ત કરતી કાવ્યરચનાઓ મળે છે પણ અનુભૂતિની નક્કરતા એની પૂરી સૂક્ષ્મતા સાથે લખાયેલી દલિત રચનાઓ તો દલિત સમાજમાંથી આવેલા દલિત કવિઓ પાસેથી જ મળી.સાતમાં દાયકામાં શરૂ થયેલા કેટલાક દલિત સામયિકોએ દલિત કાવ્ય રચનાઓને ઊભા રહેવા માટે ભોંય પૂરી પાડવાનું કામ કર્યુ.શરૂઆતમાં દલિત રચનાઓનાં સંપાદનો મળ્યા ત્યારબાદ એક પછી એક કવિઓના વ્યક્તિગત કાવ્યસંગ્રહો મળ્યા.આજે દલિત કવિતા સાડા ચાર દાયકાની સફરે પહોચી છે ત્યારે દલિત કવિતા એના વિવિધ આયામો સર કરી ચૂકી છે.દલિત કવિતા એના પ્રારંભિક તબક્કે જેવી મુખર હતી એવી અને એટલી  મૂખર આજે રહી નથી એમ કહી શકાય.

દલિત કવિતા ગુજરાતી સાહિત્યમાં પા પા પગલી ભરતી હતી એના સાક્ષી દલપત ચૌહાણ રહ્યા છે.સાતમાં દાયકાના એ ગાળામાં દલિત કાવ્ય રચનાઓના પ્રકાશન માટે તેમણે‘કાળો સૂરજ’,‘આક્રોશ’ જેવા સામયિકોનું તંત્રીપદ પણ સંભાળ્યુ હતું.સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં દલિત સંવેદનાને વાચા આપનાર દલપત ચૌહાણે પોતાની સાહિત્યિક કારકિર્દીની શરૂઆત કવિતાલેખનથી જ કરી હતી. તેમની પાસેથી બે કાવ્યસંગ્રહો મળે છે.

૧.‘તો પછી’ (૧૯૮૩)

૨.‘ક્યાં છે સૂરજ?’(૨૦૦૦)

આ બે કાવ્યસંગ્રહો સીવાય હજુ આજે પણ તેઓ‘નયા માર્ગ’,‘દલિત અધિકાર’,‘સમાજ મિત્ર’ જેવા સામયિકોમાં પોતાની કવિતાઓ પ્રસિદ્ધ કરી રહ્યા છે.આ બન્ને કાવ્યસંગ્રહો સંપૂર્ણ રીતે દલિત રચનાઓના નથી તેમાં દલિત સંવેદના સીવાય અન્ય માનવીય સમસ્યાઓને પણ નિરૂપિત કરવામાં આવી છે.

ગુજરાતી દલિત કવિતાના પ્રથમ દાયકામાં જે કવિઓ પાસેથી વ્યક્તિગત કાવ્યસંગ્રહો મળ્યા તેમાંના એક કવિ દલપત ચૌહાણ છે.‘તો પછી’એમનો પ્રથમ કાવ્યસંગ્રહ.આ કાવ્યસંગ્રહમાં અંછાદસ

રચનાઓની સાથોસાથ ગીત અને ગઝલ સ્વરુપની રચનાઓ પણ મળે છે.આ સંગ્રહની રચનાઓનું વિભાગીકરણ તેમણે આ પ્રમાણે કર્યુ છે

અછાંદસ-૧.પ્રણય/અન્ય અછાંદસ-૨.ઈતિહાસ/અત્યાચાર,ગીત અને ગઝલ

વિભાગના નામકરણ પ્રમાણેની રચનાઓ જે તે વિભાગમાંથી આપણને મળે છે.જોકે મારા અભ્યાસનો વિષય દલિત રચનાઓ જ હોવાથી ઈતિહાસ/અત્યાચાર વિભાગની રચનાઓમાં આલેખાયેલ દલિત વિશ્વ જ ધ્યાનમાં લઈશ.ઈતિહાસ/અત્યાચાર વિભાગની રચનાઓમાં‘ક્યાં સુધી?’, ‘તેઓને માટે’, ‘મુઠ્ઠી મુક્કી’, ‘બૅયોનેટ’, ‘કોણ માફ કરશે’, ‘પ્રશ્નાર્થ’, ‘તમે સાંભળી શકો છો?’, ‘ચાડિયો’, ‘ભડકશો નહી’, ‘અસ્પૃશ્ય’, ‘અમારું અસ્તિત્વ!’ દલિત સંવેદનાને નિરુપિત કરવામાં આવી છે.સંગ્રહની પ્રસ્તાવનામાં મોહમ્મદ ઈસ્હાક શેખ નોંધે છે કે “કલ્પના વાસ્તવને સ્પર્શીને ચાલે છે ત્યારે ભાષા, ભાવ, પરિવેશ, લય, કલ્પન આદિનો એને કેવો સધિયારો મળી રહે છે એનો અણસાર ઉપર્યુક્ત રચનાઓ(તેમજ કેટલાક ગીત-ગઝલોમાં પણ ખરું)થી અહી સહેજે ઓછો મળતો નથી.‘ક્યાં સુધી’, ‘તેઓને માટે’, ‘મુઠ્ઠી-મુક્કી’, ‘બેયોનેટ’, ‘ચાડિયો’, ‘અસ્પૃશ્ય’, ‘ભૂખ’આદિ રચનાઓ દલિત પ્રશ્નો અને દલિત સંવેદનાઓની બળકટ અભિવ્યક્તિ બની રહે છે.” તો યોસેફ મેકવાન આ વિભાગની રચનાઓ વિશે નોંધે છે “ઈતિહાસ/અત્યાચાર વિભાગની રચનાઓ જીવનસંઘર્ષ-વર્ગસંઘર્ષને નિરુપે છે.ઈતિહાસની પરંપરામાં વર્તમાન સમય આપણને ખબરેય ન રહે એમ ગોઠવાય જાય છે.વર્ગભેદ,દોરદમન,શોષણ,જુલમ,સમાજવ્યવસ્થા,અર્થવ્યવસ્થા વગેરેમાં રીબાતી-પીડાતી પ્રજાના ચહેરા પર લાલાશભરી કાળાશ તગતગે છે.જેમનું ભાવિ આ વિશાળ દેશમાં હજીયે પ્રશ્નાર્થ છે એવી પ્રજાનો આક્રોશ વીસમી સદીના આ સાતમાં-આઠમાં દાયકાના કવિઓમાં હવે શબ્દોના ધૂમ્રરુપે પ્રગટતો જણાય છે.કવિશ્રી ઉમાશંકરે‘રચો,રચો’માં કરેલી આર્ષવાણી નવ્ય અભિવ્યક્તિરુપે આઘાત આપે તેવી તીવ્ર અભિધા કે વ્યંજનાથી આ ગાળાના કેટલાક કવિઓએ પ્રગટ કરી છે.આ ભૂમિની વાસ્તવિકતાનું જીવનની યથાર્થતાનું નક્કર સ્વરુપ આલેખવા તરફનું એમનું વલણ દેખાય છે.એની પ્રતીતિ‘દલિત કવિતા’,‘અસ્મિતા’વાંચતા પ્રગટ થાય છે.અહીંથી ગુજરાતી કવિતામાં આક્રોશ-સંઘર્ષયુગનો એક નવો ફાંટો રચાય છે.ભાવનાઓ,આદર્શો,દેશપ્રેમ વગેરે જેવી વાતો હવે આઝાદીના ૩૬વર્ષેય પોકળ સાબિત થયેલી છે.તેનો પડઘો આ રચનાઓમાં છે.વધુ હાસ્યાસ્પદ વાત તો એ નીવળી છે કે આપણો સમાજનો કોઈપણ વર્ગ આર્થિક-સામાજિક અન્યાય કે શોષણ અંગે જાગૃત નથી પરંતુ ધર્મને નામે જે ઊહાપોહ મચાવી નિર્દોષોના જાન લે છે.પ્રાંતવાદને નામે કૈંકને રહેંસે છે તે છે.ભાઈશ્રી દલપત ચૌહાણની કલમ પણ આ બીજા વિભાગમાં એની યથાર્થતા નિરુપે છે.”[૧]

દલપત ચૌહાણની કવિતાને તમતમતો તિખારો લેખાવતા પુરુરાજ જોશીએ તો પછી સંગ્રહ વિશે યથાથ નોંધ્યું છે “તૂટી ગયેલો ચહેરો,ભાંગી ગયેલું પૈડું,છેવાડે ઓશિયાળાં ઊભેલા ખોરડાં અને ફાનસનો મંદ અજવાસ કાવ્યસંગ્રહ પરનું સાદું પણ સૂચક ચિંત્રાંકન કવિ દલપત ચૌહાણની કવિતાના પરિવેશનો,એમની અભિવ્યક્તિ વિશેષનો નિર્દેશ કરે છે,કાળો સૂરજ જેવા સંચયોમાંની બળકટ દલિત વેદનાની કવિતાઓથી ધ્યાન ખેંચનાર કવિ તો પછી કાવ્યસંગ્રહ સાથે ઉપસ્થિત થયા છે ત્યારે દલિત

પીડિત જેવાં લેબલથી ઓળખાવતી કવિતા ધારા ઉપરાંત કવિના પ્રણય,પ્રણયવૈફલ્ય,પારિવારિક જીવન બીજા ઘણા પ્રકારના સંવેદનોને શબ્દમાં અભિવ્યક્ત કરવાની એમની મથામણનો સુભગ પરિચય કરાવી જાય છે અને એમાંથી ઉપસી આવે છે કવિ દલપતનુમ એક નોખું વ્યક્તિત્વ,જે ભાવકના ચિત્તમાં આશા જન્માવી જાય છે."

'ક્યાં સુધી?'કાવ્યમાં કવિએ શોષણનો ભોગ બનનારા દલિતો-શોષિતો વતી શોષણ કરનારાઓને સ્વાભાવિક રીતે પ્રશ્ન કર્યો છે.શોષક વર્ગ દ્વારા શોષિત વર્ગનું થઇ રહેલું શોષણ આજે પણ અંકબંધ છે અને તેથી જ કવિ પ્રશ્ન કરે છે કે ક્યાં સુધી?આવા અમાનવીય અત્યાચારો શોષણના ભોગ બનતુ રહેવુ.શોષિતોના શરીરે હજુ પણ ફારોહના સરદારોએ વીંજેલા ચાબુકના સોળ એવાને એવા સલામત છે.કાળી મજૂરી વેઠ કરતા આ વર્ગના માણસોના ચહેરે લાલાશભરી કાળાસ તગતગે છે.કવિએ અહી પ્રયોજેલુ વિશેષણ લાલાશભરી કાળાશ શોષિતો પર થઇ રહેલા અત્યાચારનું રુપ કેવું ભયાનક હશે એ વિશે વાચકને કલ્પના કરવા પ્રેરે છે.એટલુ જ નહી અવિરામ શ્રમ કરવાના મળેલા આદેશના રજેરજ પાલનમાં પગની પીંડી પરની નશો ગૂંચળો વળી ગઇ છે આવી સ્થિતિમાં કાવ્યનાયકને પ્રશ્ન છે કે અમારું પ્રારબ્ધ પ્રશ્નાર્થ?કાવ્યમાં ભાવને અનુરુપ પ્રોજેલા કલ્પન,પ્રતીક,પુરાકલ્પન,અલંકાર કાવ્યના સૌન્દર્યમાં વધારો કરે છે.દલિત-શોષિતના અવાજને ઘેરો બનાવે છે'તેઓને માટે'કાવ્યમાં કવિએ કટાક્ષ દ્વારા શોષણનો ભોગ બનતા,ગુલામીનો ભોગ બનતા શોષિત- દલિત વર્ગમાં સ્વાભિમાનની ભાવના જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.શોષક અને શોષિત,સવર્ણ અને દલિત આ સામસામેના બન્ને વર્ગોની રહેણી-કરણી તેમની વિચારધારામાં રહેલા તફાવતને મુકી આપ્યો છે.શોષિત વર્ગ હંમેશા શોષણનો ભોગ બનતો આવ્યો છે.શોષકવર્ગના કલ્યાણ માટેનો હાથો બનતો આવ્યો છે.દલિતો જ પોતાના પગ ઉપર કુહાડી મારે છે અને પોતાના અધિકારોથી વંચિત રહે છે અને તેથી કટાક્ષ કરતા કવિ કહે છે

'ને આપણે અનુયાયીઓની જેમ પડ્યો બોલ ઝીલતા

યશગાન ગાતા થાકતા નથી

તેઓના વિસ્તાર માટે.'[૨૧૪]

સવર્ણોના કલ્યાણ માટે દલિતોએ બલિદાન આપવાનું.સમુદ્રમંથનમાં અનાર્યોની પણ ભાગીદારી હતી છતાં અમૃતમાં ભાગ ન મળ્યો.છળકપટનો ભોગ બન્યા.તેમ છતાં દલિતો ભૂતકાળમાંથી કશુ શીખ્યા નથી.સવર્ણોને રાજી રાખવાની પ્રવૃત્તિઓ દલિતો વર્ષોથી કરતા આવ્યા છે છતાં તેમને તો શોષણનો જ ભોગ બનવાનું અને તેથી અંતિમ કડીઓમાં કવિ કહે છે

'ને આપણે આપણે નથી

તેઓની આચારસંહિતામાં ઘડાયેલ

નિયતિના નામે

હડસેલાતો સમય છીએ.'[316]

સાચી રીતે જ કહેવાયુ છે કે ગુલામને તેની ગુલામીથી સભાન બનાવી દો તો તે આપોઆપ મુક્ત બની જશે કઈક આવુ જ'મુઠ્ઠી મુક્કી'કાવ્યમાંથી ફલિત થતું જોઈ શકાય.ઈશ્વર બધાને જ ખાલી પેટ અને બંધ મુઠ્ઠી સાથે જગતમાં મોકલે છે પરંતુ શોષિતો ઈશ્વરે આપેલી આ બન્ને ભેટમાંથી માત્ર ખાલી પેટને ભરવા માટે આજીવન કાળી મજુરી અને વેઠ કરતો હોય છે.રોટી કપડા ઓર મકાન જીવનની આ પ્રાથમિક જરુરિયાતો પૂર્ણ કરવામાં જ પોતાનું આયખું વેડફી મારે છે અને બંધ મુઠ્ઠીમાં રહેલી તાકાતને-પરાક્રમને વીસરી જાય છે.અહી કાવ્યનાયકને છેલ્લે છેલ્લે પણ મુઠ્ઠીની કમાલ ધ્યાને આવે છે અને પોતાની સાથે આવો ભેદભાવ કરનાર ઈશ્વર સામે જ તેની પાશવતા સામે જ પૂર્ણ આક્રોશ અને જુસ્સા સાથે મુઠ્ઠીને મુક્કી બનાવી ઉગામે છે.'બૅયોનેટ'કાવ્યમાં બૅયોનેટ સત્તાના પ્રતીકરુપે રજુ થયુ છે.સત્તા મેળવવાની આંધળી દોટમાં ઘણાય હોમાયા,અનેક યુદ્ધોમાં નિર્દોષ લોકો હણાયા,માનવસંહાર થયો તેમ છતાં હિંસાનું વરવું રુપ યુગેયુગે નિર્મિત થાય છે.'કોણ માફ કરશે'રચનામાં ધર્મના નામે કુરુક્ષેત્રમાં અઢાર અક્ષૌહિણી સેનાનો નરસંહાર થયો આવા તો કેટલાય યુદ્ધો થયા જેમાં માનવતાને નેવે મુકીને ધર્મનું આડ ચઢાવી નિર્દોષોની હત્યા કરવામાં આવી .ઈતિહાસના આવા કાળા કલંકોને નજર સમક્ષ રાખી કવિ ભારતીય સંસ્કૃતિની મહાનતાની ગુલબાંગો પોકારનારાઓને કોણ માફ કરશે એમ પ્રશ્ન કર્યો છે.મહાભારતનાં કેટલાક દુ:ખદ પ્રસંગોનાં સંદર્ભ લઈ આ વાતને તેઓએ પ્રસ્તુત કરી છે.'તમે સાંભળી શકો છો?'રચના પરંપરાગત મનુવાદી વિચારોથી સર્જાયેલા જગતને નષ્ટ કરી નવું સમતા,સ્વતંત્રતા અને બંધુત્વવાદી વિચારશરણી ધરાવતું જગત નિર્માણ કરવા માટે દલિતોને જાગૃત થવાનું આહ્વાન કરે છે કાવ્યની અંતિમ કડીઓ જોઈએ

'ચાંદનીની ફિસ્સી લિસ્સી વાતો ઘડી ઢીલાસ અર્પતા શબ્દને ઓગાળી નાખીએ.

સર સર પવનની મંદમંદ ક્ષણોની ભ્રમણાને છિન્નભિન્ન કરી નાખીએ.'[૪]

'ચાડિયો' રચનામાં ચાડિયો શોષક વર્ગના પ્રતીકરુપે આલેખાયુ છે.સામંતશાહી પ્રથામાં ખેડૂતને ત્યાં સાથી તરીકે કામ કરતા દલિતનું થતું શોષણ એના અસ્તિત્વના લીરેલીરા ઊડાવી દેતુ હોય છે.આ શોષણનો ભોગ કાવ્યનાયક પણ બન્યો છે અને તેથી જ સૂરજ પણ માંદલો-પીળો પડી ગયેલો તેને લાગે છે.અસહ્ય ભૂખથી થતી પીડા કેવી ભંયકર હોય છે તે માટે કવિએ પ્રયોજેલા શબ્દો જુઓ

'ખળાની ઝંખનાએ પાતાળે પહોચેલ

પેટની ખીણ સ્પર્શહિન લાગે છે.'[૫]

દિવસ આખો કાળી મજૂરી કરવા છતાં રાત્રે બે ઘડી માટેનો પણ આરામ તે કરી શકતો નથી.ખેતરમાં જમીનદારે ઊભો કરેલો ચૂનાનો ચાડિયો એ દલિત મજૂરની દેખરેખ કરતો એના ઉપર નજર રાખતો જોઈ રહ્યો છે.'ભડકશો નહી'કાવ્યમાં કટાક્ષ દ્વારા સવર્ણોને દલિતોમાં આવી રહેલી જાગૃતિ સંદર્ભે વાત કરી છે.દલિતના ચહેરાને જોઈને સવર્ણો ભડકે છે દલિતનો ચહેરો વાઘ-વરુનો તો હોતો

નથી.દલિતનો અવાજ પણ એમના જેવો સામાન્ય હોવા છતાં અવાજ સાંભળીને એમને કઈક થઈ જાય છે.દલિતના પગલાથી પણ તેમને બીક લાગે છે.જંગલનું આધિપત્ય તેઓ પાસે હોવા છતાં ઘેટા સમાન દલિતોથી તેમને બીક લાગે છે.દલિતચેતના સંદર્ભે 'અસ્પૃશ્ય'રચના મહત્વની છે.બાળપણમાં કવિને થયેલો જાત અનુભવ આ કાવ્યમાં રજુ થયો છે.અસ્પૃશ્ય હોવાને લીધે દલિતો શિક્ષણ મેળવી શકતા ન હતા.બાળપણનો આ અમાનવીય અનુભવ કવિના જીવનમાં પરિવર્તનની-ક્રાંતિની હવા ફેલાવે છે.કાવ્યના પૂર્વાર્ધમાં બાળપણનો આ અનુભવ અને એ સમયની કવિની મનઃસ્થિતિનુ ચિત્ર તંતોતંત આલેખાયુ છે જોઈએ

'શાળાનો પ્રથમ પ્રવેશ

હતો સાક્ષાત પ્રલયનો

ધ્રુજતા હાથે પાટીમાં એકડો નહી

બળબળતા સહરાની અંગારભૂમિ શી ધબકતી છાતીમાં

લખી મારી જાત.'[૬]

દલિતોની ભણનારી પ્રથમ પેઢીને આ કડવા અનુભવનો ઘૂંટળો અવશ્ય પીવો પડ્યો જ હશે કારણ કે શિક્ષણથી તો દલિતો હજારો વર્ષથી વંચિત હતા અને એવામાં શિક્ષણ મેળવવાની શરુઆત કરે એ સવર્ણો માટે અપમાનજનક સ્થિતિ કહેવાય અને તેથી જ શાળામાં દલિતની હાજરી તેઓ સાંખી શકતા નથી.આ કાવ્ય સંદર્ભે હરીશ મંગલમ નોંધે છે કે"અસ્પૃશ્ય વ્યક્તિને શાળા પ્રવેશ વખતે થતી અનુભૂતિની તીવ્રતા અહી વેધક રીતે-પારધીના તીરની જેમ સનનન કરતીક હૈયા સોંસરવી નીકળી જાય છે.દલિત અસ્મિતાનું પ્રાગટ્ય ખૂબ જ કુશળતાથી થયું છે.આ વેદના,કવિ જે સમાજમાંથી આવે છે તે સમાજની હયાતીના અણુંએ અણુમાં વીંછીના ડંખની જેમ પ્રસરી જાય છે.શાળાના વર્ગનો ઉંબર ઓળંગતાં આનંદ થવો જોઈએ એના બદલે હિમાલય ચઢતાં જે થાક લાગે એટલો થાક કવિને લાગે છે.શાળાના વર્ગમાં પણ એને ખૂણામાં છેલ્લે બેસાડવામાં આવે છે ત્યારે જ,કવિને ત્રિપુરારિની જેમ આક્રોશ પ્રકટયો હતો."[૭]

બાળપણથી જ કવિને જાણ થઈ કે પોતે અન્ય સમાજના બાળકોની સાથે બેસી શિક્ષણ મેળવી શકતો નથી કારણ કે પોતાની અને પોતાના સમાજના લોકોની ગણતરી માણસમાં થતી નથી.માણસ હોવા છતા માણસમાં ગણતરી ન થતા થયેલુ અપમાન જાણે કે હજારો વીંછીએ એમને ડંખ માર્યો હોય અને જે પ્રમાણેની પીડા થાય એવી પીડા એ વખતે તેઓ અનુભવી રહ્યા હતા.શાળાનો ઉંબર એમને હિમાલયની ઊંચાઈ ઓળંગવા બરાબર લાગ્યો હતો.કાવ્યના ઉત્તરાર્ધમાં બાળપણમાં થયેલા આવા અમાનવીય અનુભવે તેમનામાં સ્વમાનની ભાવના જાગૃત કરી અને આવા ભેદભાવપૂર્ણ જગતને નષ્ટ કરવાની દિશા સૂચવવાનું કામ કર્યુ એ વાતને અભિવ્યક્ત કરવામાં આવી છે.

‘અમારું અસ્તિત્વ!’કાવ્યમાં હજારો વર્ષથી માનવ હોવાના ઠીંગરાયેલા દલિતોના અસ્તિત્વના રુપને વાચા આપવાનો પ્રયત્ન થયો છે.સામાજિક,આર્થિક,રાજકીય એમ અનેક રીતે દલિતોનું શોષણ આજે પણ થાય છે.આ શોષણ તેમનાં સ્વાભિમાનની ભાવનાને,માનવી હોવાની તેમની સભાનતાને જડમૂળમાંથી રહેશી નાખે છે.આજે પણ શિક્ષણથી વંચિત કેટલાય દલિતો સવર્ણોના ગુલામ બની જીવી રહ્યા છે અને તેથી જ કાવ્યનાયક કહે છે

‘અમારી ચીસ પાડતી અસ્મિતા

કયા માયા-દર્પણમાં ગોઠવીએ કે મરીચની જેમ

બની શકીયે કાંચનમૃગ

છેતરામણીમાં રચાયેલ જંતરમંતરની આંટીઘૂટીમાં

આખાય વિશ્વને ભેરવી,

આનંદગાન ગાતાં ગાતાં આગળ નીકળી જઇએ’[૮]

માનવ હોવાનું ગૌરવ પ્રાપ્ત કરવા માટે કવિએ વિચારેલી સંભાવનાઓ શક્ય બનવી સરળ નથી.કવિને આશ્ચર્ય એ વાતનું થાય છે કે રામે શબરી(આદિવાસી સ્ત્રી)ના એંઠા બોર ખાધા અને એમ દલિતો-આદિવાસીઓને છેતર્યા.કૃષ્ણ પારધી(આદિવાસી)ના તીરથી માર્યો ગયો તેમ છતા હજુ પણ અન્યાય આચરનાર,દંભ કરનાર કૃષ્ણને લોકો ખાસ કરીને દલિતો પૂંજે છે.આ આશ્ચર્ય તેમને બદ્રિકેદારના મંદિરની અખંડ બળતી દીપશિખા જેવું જ રહસ્યમય લાગે છે.સવાર-બપોર-સાંજ થતા સ્તવનોના માયાજાળમાં હવે વધારે ફસાવું કાવ્યનાયકને પસંદ નથી.સઘળી હકિકતો જાણ્યા પછી હવે પોતાની ઓળખને સ્થાપિત કરવા,પોતાના ઉદયને નિશ્ચિત કરવા દલિત હવે સક્ષમ છે.અસ્તિત્વના ઓળખની આ લડાઇ દલિત સમાજ માટે પરાપૂર્વથી નથી કારણ કે તેમના પૂર્વજોએ તો ગુલામી જ વેઠી હતી તેમનામાં માનવ હોવાની કોઈ સભાનતા જ ન હતી અને તેથી જ કાવ્યનાયક બધુ ભૂલી પોતાના અસ્તિત્વને બુલંદ કરવા માટે દ્દઢ નિશ્ચયી બન્યો છે.

કયાં છે સૂરજ?(૨૦૦૦)

‘તો પછી’બાદ તેમની પાસેથી બીજો કાવ્યસંગ્રહ ‘ક્યાં છે સૂરજ?’મળે છે.ગાંધીયુગની કવિતા પાસે સમાજસુધારાનો આદર્શ હતો;ગ્રામસુધારણાની પ્રતિબદ્ધતા પણ હતી.માટે જ એ કવિતા એક સાધન બની ગઇ હતી.સાધનરુપતા કે ઉપયોગિતા સાથે એ કાળનો સર્જકકવિ સૌંદર્યકળાની ચિંતા કરતો હશે.આજની દલિત કવિતા પાસે એવા સુધારનો હવે કોઈ અવકાશ નથી રહ્યો દલિત કવિતાને સાધન તરીકે ચીતરવાની આવશ્યકતા નથી.પ્રસ્તાવનામાં કવિએ જણાવ્યુ છે એમ અહી નવમાં દાયકામાં લખાયેલી કવિતાઓ જ સંગ્રહમાં સ્થાન પામી છે.આ સંગ્રહની રચનાઓને તેમણે છ ભાગમાં વિભાજિત કરી છે

૧.વેદના

૨.અસ્તિત્વ અમારું

૩.મ્યાનમાંથી બહાર

૪.સંભારણા

૫.અમદાવાદની પાળે

૬.ચાલો સૂરજ શોધીએ

'વેદના'વિભાગનું શીર્ષક સૂચવે છે એમ અહી દલિત-પીડિત શોષિતવર્ગના જીવનની વેદનાઓને કવિએ કાવ્યમાં અભિવ્યક્ત કરી છે.દલિતવર્ગને ભોગવવી પડેલી વેદનાઓના વિવિધ રુપો અહી પ્રસ્તુત થવા પામ્યા છે.ભારતનો એક વિશાળ વર્ગ આદિકાળથી શાપિત અવસ્થામાં જીવી રહ્યો છે.આ વર્ગને સમાજના મૂખ્ય પ્રવાહથી એટલો દૂર કરી દેવાયો હતો કે તે પોતાને માનવી હોવાની ગણતરીમાંથી પણ બાકાત ગણતો હતો.માનવી હોવા છતાંય જેને પશુથી પણ નીમ્ન ગણવામાં આવતા એ અતિશુદ્ર-અસ્પૃશ્ય-દલિત સમાજના લોકોની હજારો વર્ષ જૂની વેદનાઓ આ સંગ્રહમાં નિરુપિત થવા પામી છે.જાતિવાદી માનસિકતામાં હજુ પણ ભારતીય સમાજ જીવી રહ્યો છે.ગાંધીજીએ કહ્યુ હતુ કે અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મનું કલંક છે આ કલંક હજુ પણ કહેવાતી ભારતમાતાના કપાળે તિલકરુપે શોભી રહ્યું છે.આમ છતાં કવિ ખોવાયેલા સૂરજની શોધમાં નીકળ્યા છે.પોતે સૂરજના આદિવંશજ હોવા છતાં હજુય સૂરજના દર્શનથી વંચિત છે.દલિત સમાજના ઉદ્ધાર માટે પોતાનું જીવન ખર્ચી દેનાર એવા મહામાનવો જ્યોતિબા ફૂલે,શાહુજી મહારાજ,સયાજીરાવ ગાયકવાડ,ડૉ.બાબાસાહેબ આંબેડકરને કવિએ પ્રસ્તાવનામાં યાદ કર્યા છે.બગીચો જોઈને એમાં હરવા-ફરવાની મનગમતા ફૂલોને ચૂંટવાની ઈચ્છા દલિતને થાય છે પણ અફસોસ પોતે દલિત છે એને બગીચામાં પ્રવેશ કઈ રીતે મળે?અને તેથી જ તે પોતાની સાથે ટેકરીએ વસતા પૂંવાડિયાના ફૂલો લઈને આવ્યો છે.આ વેદના નાનીસુની નથી.પૂંવાડિયાના ફૂલોનો સંદર્ભ સમાજમાંથી દલિતોનો થઈ રહેલો બહિષ્કાર સૂચવે છે.આ સંદર્ભ પછી નીરવ પટેલના 'બહિષ્કૃત ફૂલો'ની કવિતામાં વિસ્તરે છે.ભારતીય સમાજની જાતિવાદી માનસિકતાનો પડછાયો મનુવાદી વ્યવસ્થા ધરાવતા ભારતના કોઈ પણ ગામડામાં જોઈ શકાય.સાહિત્યનાં મૂખ્ય પ્રવાહમાં ગામડાનું આલેખન એકપક્ષીય રીતે આલેખાયુ.ગામડાના જીવનની સારી બાબતોને જ આલેખીને કહેવાતા સાહિત્યકારોએ ગ્રામજીવનમાં ઘર કરી બેઠેલી જાતિવાદી માનસિકતાને ઢાંકવામાં સફળ થયા પરંતુ અનુઆધુનિક સાહિત્યગાળામાં દેશીવાદ,નારીવાદ અને દલિત સાહિત્યએ ગામડાના જીવનની વરવી વાસ્તવિકતાને ખુલ્લી પાડી આપી.દલપત ચૌહાણ વખાનો માર્યો સમો કાવ્યમાં ગામડાના જીવનની વાસ્તવિકતાને રજૂ કરે છે.નવમાં દશકમાં લખાયેલી આ કવિતાને સમજવા માટે તત્કાલિન સમયના ગુજરાતના ગામડામાં બનેલી કેટલીક અમાનવીય ઘટનાઓ પર પણ ધ્યાન જવું જોઈએ.૧૯૮૧ અને ૧૯૮૫માં થયેલા અનામત વિરોધી આંદોલનોમાં કેટલાય દલિત યુવાનોને બેરહેમીનો ભોગ બનવુ પડ્યુ.કેટલાય યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા.ભારતીય સમાજમાં પહેલા તો દલિત હોવું એ જ ગુનો.આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક એમ અનેક

રીતે દલિતસમાજનું શોષણ થતું આવ્યુ છે.કોઈ દલિત પોતાને થઈ રહેલા અન્યાય સામે જો અવાજ ઉઠાવે તો તેની ખેર નહી.આવો જ કઈક ભાવ રજૂ કરતી રચના છે‘વખાનો માર્યો સમો.’કાવ્યનાયકના મુખેથી પ્રસ્તુત થતી આ કવિતાનો પ્રારંભ આ રીતે થાય છે

‘માડી,

છાજલીએ ક્યાં શોધતી મને

એ તો ગયા જનમની લેણદેણ’[૯]

કાવ્યનાયકે ફરી જન્મ લીધો હોય એમ પોતાના પૂર્વભવની માને જણાવે છે કે તું છાજલીએ હજુ સુધી મને શોધી રહી છે,મારા આવવાની રાહ જોઈ રહી છે.આવી માતાને પોતાના પૂત્ર પાસેથી કેવી કેવી અપેક્ષાઓ છે.એના અરમાનો શું છે?તે કાવ્યનાયક સારી રીતે જાણે છે.દરેક માનાં જીવનની જે સુખદ ક્ષણો છે એમાંની એક એ કે પોતાનો પૂત્ર પિતા બને,એના ઘરે સંતાનનો જન્મ થાય.પોતે પોતાના પૌત્ર માટે કાંબિયું,કાંડિયું ખરીદવા ઇચ્છે છે,પોતાની પૂત્રવધૂ પોતાના ઘરે કુમકુમ થાપા પાડે પણ આ ઇચ્છાઓ,આકાંક્ષાઓ-કામનાઓ પૂરી થાય એ પહેલા જ હજાર મણનો પણ કાવ્યનાયક પોતાના મુખે ઉચ્ચારે છે.જીવનની કરુણતા જણાવતા કહે છે

‘પણ રે!

કુમકુમ થાપા તો મારા લોહીથી

ચોરાની ભીંતો પર કોતર્યા છે.’[૧૦]

સામંતશાહી ગામડામાં દલિતો પર થતા અન્યાય,અત્યાચારનું પ્રતીક એટલે ગામનો ચૉરો.દલિતે કરેલી નાનામાં નાની ભૂલની થતી સજા ગામચૉરે કરવામાં આવતી.કાવ્યનાયકને પણ સજા કરવામાં આવી છે ગામચૉરે જીવતો સળગાવી દેવાની.પોતાની માની ઇચ્છાઓ પૂરી કર્યા વિના જ તે મૃત્યુ પામ્યો.વૃદ્ધાવસ્થાએ પહોચેલી પોતાની માનો સહારો પોતે ન બની શક્યો એનું તેને ભારોભાર દુઃખ થાય છે અને તેથી જ ફરી વાર પોતાની માના આંગણે જ જન્મવાની આશા તે સેવી રહ્યો છે.મરતા મરતા પોતે પોતાની માને છેલ્લા જુહાર પણ ન કરી શક્યો એ વાતની પીડા તેને થાય છે.આમ,આ કાવ્યમાં દલિત સંવેદનની સાથોસાથ એક પૂત્રનો પોતાની મા પ્રત્યેનો અને એક માનો પોતાના પૂત્ર પ્રત્યેનો પ્રેમ અભિવ્યક્ત થયો છે.

જગતમાં રહેતો કોઈપણ માનવી પોતાની પ્રકૃતિગત લાગણી અભિવ્યક્ત કર્યા વિના રહી શકતો નથી.પ્રેમ,દયા,લાગણી,સહાનુભૂતિ,કરુણા જેવા માનવીય મૂલ્યો જાતિ,રંગ,લિંગ જેવા ભેદોથી પર છે.ભારતીય સમાજવ્યવસ્થાની વાત કરીયે તો અહી વર્ણવ્યવસ્થા હજારો વર્ષથી અસ્તિત્વ ધરાવે છે.ભારતીય માનસ જાતિવાદી માનસિકતાથી ગ્રસિત છે એ એનો નક્કર પૂરાવો છે.આજનો માનવી અવકાશયાનમાં બેસી ચંદ્ર-મંગળની ધરતી પર પહોચી ગયો છે પણ ભારતીય સમાજમાં વસતો દલિત આજની એકવીસમી સદીમાં ઘોડી પર બેસી વરઘોડો કાઢી શકતો નથી,ઘોડો ખરીદી શકતો નથી,પ્રેમ કરી શકતો નથી.બ્રાહ્મણવાદી માનસિકતાનો પરિચય આપણને મહાન ગુજરાતી સાહિત્યમાં પણ મળે

છે.ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે રા.વિ.પાઠકની ખેમી વાર્તામાં ભંગી કોમના યુગલ ખેમી અને ધનિયાના દાંપત્યજીવનની મધુર પળોને સુંદર રીતે આલેખી છે.આ વાર્તા વાંચીને જાતિવાદી વિવેચક રસિકલાલ પરીખે પ્રતિભાવ આપતા જણાવ્યુ કે દ્વિરેફને દાંપત્યજીવનનું ચિત્ર પ્રસ્તુત કરવા માટે છેક ભંગી સમાજ સુધી કેમ જવું પડ્યુ.અહી દલિત સમાજના જોડાની વાત થઈ તે એમને આંખના કણાની માફક ખુંચી.દલપત ચૌહાણે'આપણે'કાવ્યમાં દલિત યુગલ જે ગામની શેરીમાંથી પસાર થઈ રહ્યુ છે તેને સવર્ણોની ઉપાલંભ,ઉપેક્ષા અને ધિક્કાર ભરી નજરોનો સામનો કરવો પડે છે.દલિત યુવક અને યુવતી હાથમાં હાથ પરોવીને પસાર થઈ રહ્યા છે જે સવર્ણો માટે અસામાન્ય બાબત છે.દલિતની ઓળખ સવર્ણોને સભાન બનાવે છે.જાહેરમાં આ રીતે તેઓ પોતાની પ્રેમની અભિવ્યક્તિ કરી શકે નહી.યુગલ પણ એ બાબતથી પીડાય રહ્યુ છે કે પોતે દલિત છે અને તેથી જ ચૂપચાપ બધુ સહન કરે છે.કાવ્યનાયક પોતાની ઉપર હસી રહેલા લોકો તરફ જોવાની હિંમત પણ કરી શકતો નથી તો નાયિકા પણ મુંગી અને સ્તબ્ધ બનીને પોતાના નાયકનો હાથ જાલીને ચાલ્યા કરે છે.અપમાન,અવહેલના અને ઉપાલંભભરી નજરોથી વિંધાતુ આ યુગલ પોતાના અસ્તિત્વને ધૂળમાં ભળતુ અનુભવે છે.જેમ બની શકે એમ જલદી આવી અપમાનભરી પરિસ્થિતિથી મુક્ત થવાય એ માટે કોઈ પણ પ્રતિક્રિયા આપ્યા વિના પલાયન થવાનું ઈચ્છે છે.આવી પરિસ્થિતિમાં મુકાયેલા દલિતયુગલના મનોસંચલનોને કવિએ નીચેની પંક્તિઓમાં પ્રસ્તુત કર્યા છે જુઓ

"પરસેવે પલળતી હથેળીઓમાં

ભૂંસાતી જતી રેખાઓ

જમીનમાં ખૂંપતી નજર પાતાળે પહોચે.

હૃદયના વધતા જતા ધબકારના હથોડા

મગજની નશેનશ તોડવા પ્રેરાય"[૧૧]

કાવ્યનાયકનો તેની નાયિકા સાથેનો માગશરની એક રાતે થતો વાર્તાલાપ'માગશરની રાતે વાર્તલાપ'કાવ્યમાં નિરુપિત કરવામાં આવ્યો છે.અભાવોની વચ્ચે નાયક પોતાની નાયિકા સાથે ભૂતકાળની કેટલીક સ્મૃતિઓને વાગોળવાનો પ્રયત્ન કરે છે.વર્તમાનમાં ઠંડીથી ધ્રુજતી પોતાની નાયિકાને ઢાંકવા પૂરા વસ્ત્રો પણ નથી એનુ દુઃખ તેને છે.મચ્છરોના ત્રાસ વચ્ચે રાત્રિ ગાળી રહેલ આ યુગલ કેટલાય વર્ષોથી પીડાય રહેલા દલિત સમાજનો પર્યાય બનતુ જોઈ શકાય છે.આ દલિત યુગલે આકાશમાં રહેલા તારા જેમ ન ગણી શકાય એટલા અપમાન જીવનમાં સહન કર્યા છે.પોતાની પ્રિયતમા માટે દર્પણ ખરીદવાની ઈચ્છા અધૂરી જ રહી છે તેથી સરોવરમાં જ મુખ જોવાની વાતથી સંતોષ માની લેવાનુ જણાવે છે.જીવનની રહી ગયેલી આ અધૂરી ઈચ્છાને પૂરી કરવામાં કેટલીય વસંતનો આનંદ માણી શક્યા નથી.એકબીજાનો સાથ-સહકાર આપીને જીવનના સૂર્યાસ્ત તરફ તેઓ ઢળ્યા છે ત્યારે ભવોભવના સાથી હોવાની એક જ નિશાની તેમની પાસે છે અને તે પીઠ પરના સોળ.આમ,અહી નાયક-નાયિકા વચ્ચેના કોઈ ભવ્યોદાત્ત પ્રેમનું ચિત્ર

નથી આલેખાયુ પણ દલિત સમાજનું યુગલ સામાજિક,આર્થિક,ધાર્મિક શોષણની વચ્ચે પણ કેવા અડીખમ ઊભા રહીને જીવન પસાર કરે છે તેનુ નિરુપણ થયુ છે.

કાશી-વારાણસીમાં મૃત્યુ પામવાથી-અગ્નિ સંસ્કાર કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય એવી હિન્દુ સંસ્કૃતિમાં(અંધ)માન્યતા છે.જોકે,મધ્યકાળમાં કબીરે આનો સારી રીતે છેદ ઊડાડ્યો.આખું જીવન કાશીમાં રહ્યા અને મૃત્યુ પામ્યા મગહર જઈને.'વારાણસી'માં સ્મશાનઘાટમાં ચાંડાલનું કામ કરનારા દલિતયુગલ વચ્ચેના સંવાદ દ્વારા હજારો વર્ષથી પવિત્રતાના નામે ઢોંગ કરનારી હિન્દુ સંસ્કૃતિ પ્રત્યે કટાક્ષ વ્યક્ત કર્યો છે.વેદોની નગરી અને પવિત્ર ગંગા કિનારે વસેલ વારાણસી હિન્દુઓનું પવિત્ર તીર્થસ્થાન.ગંગાના કિનારે આવેલા સ્મશાનઘાટમાં લાશોને અગ્નિદાહ આપવાનું સઘળું કામ વર્ષોથી ત્યાં જીવી રહેલું દલિત યુગલ કરી રહ્યુ છે.તેમને માટે તો આ જ તેમનું સામ્રાજ્ય છે.અહી નથી તો તેમની સાથે કોઈ ઉચ્ચનીચ કે આભડછેટ પાડતુ કે મનુએ જાહેર કરેલા કોઈ નિયમો તેમને લાગુ પડતા.લાશના ગંજમાં તેમનું એક જ કામ છે આવનારી હરેક લાશને અગ્નિદાહ આપવાનું અને બદલામાં દાન મેળવવું.આ કાર્યમાં તેમનો કોઈ ભાગીદાર કે હરીફ નથી.અનંતકાળથી અને ભવિષ્યમાં પણ આ કાર્ય કરવાનો તેમનો એકાધિકાર છે.તેમના આ કાર્ય કરવાના એક હથ્થા શાસનના ઈતિહાસનો પરિચય આપતા કાવ્યનાયક જણાવે છે

"સમય વહી જશે

આપણે શાશ્વત આ કિનારાની જેમ

આર્ય-અનાર્ય,હૂણ-હલાકુમોગલ,અગ્રેજ

બધા જ પ્રવાહમાં વહ્યા

પણ

આપણે તો યુગે યુગે હરિશ્ચંદ્રને રાખવના ગુલામ

મોરધ્વજને મૂકવાના કરવત

આ આપણો અનામત અધિકાર."[૧૨]

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર પણ પોતે સત્યવાન હોવાની સાબિતી પૂરવાર કરવા માટે અમારી પાસે ગુલામ થઈને વેચાઈ ગયો હતો.એટલુ જ નહી પણ મોરધ્વજને કરવત મૂકવાનો અનામત અધિકાર પોતાને હજારો વર્ષથી મળેલો છે એમ તે જણાવે છે.

"પ્રિયે;વેદમંત્રો યુગો સુધી સાંભળ્યા છે આપણે!

પણ...ધગધગતા શીશાથી રક્ષાયા છે,

આ કાન,તેનું આશ્ચર્ય નહી તને?

હંમેશા વેદ-ઋચાઓ

બ્રાહ્મણની જગ્યાએ અગ્નિદાહ દેતા વધો છું

છતાંય સલામત છે

આપણી જીભ."[૧૩]

નપુંસક સંસ્કૃતિના આ લોકો-મનુવાદીઓ પોતાની સ્વાર્થી માનસિકતા સાથે દલિત સમાજ સાથે વર્તતા આવ્યા છે.સ્મશાનઘાટના પોતે બાદશાહ છે પણ માણસ નથી.માણસની ગણતરીમાંથી તેઓ બાકાત છે.આવી અનુભૂતિને-માનવ ન હોવાની આવી વેદનાને કવિએ આ કાવ્યમાં પ્રસ્તુત કરી છે.

'શુદ્ર કન્યાને'કાવ્યમાં એક શુદ્ર કન્યાની શારીરિક-માનસિક અવસ્થાનું ચિત્ર રજૂ થયુ છે.તરુણાઅવસ્થમાં પહોચેલી શુદ્ર કન્યાને કેટલીક ઈચ્છાઓ છે અને આ ઈચ્છાઓની પૂર્તિ હજી થઈ નથી એ માટે તેની જાતિ પણ જવાબદાર છે.આર્થિક અવદશા-ગરીબીને કારણે તેનું શોષણ જ થતુ આવ્યુ છે.અધુરપનો થાક તેની પગલીઓમાં વરતાય રહ્યો છે.રમેશ પારેખ આ કવિતા સંદર્ભે જણાવે છે કે"અહી શૂદ્ર કન્યાની દરિદ્રતાની વાત કહેવાઈ છે.ભૂખ અને અભાવોએ તેના કન્યાકાળ પર કાળું પોતું ફેરવી દઈ તેને કદરુપી બનાવી મુકે છે અને તેનું હૃદય કાળી ડિબાંગ રાતનું સ્વપ્ન લઈ ફરે છે.કવિએ શૂદ્ર કન્યાના ચિત્રણ દ્વારા અકાળે મૂરઝાઈ જતી માનવકળીનું અસરકારક બયાન કર્યુ છે."[૧૪] આ કાવ્યમાં અછાંદસ લય,પદાવલિની કાવ્યોચિતતા અને સહજ રીતે અંલકારોની યોજના થયેલી જોવા મળે છે.પ્રસ્તુત કાવ્યમાં વ્યંગનું તત્વ નથી છતાં કાવ્યમાં આવતા વિધાનો એક પછી એક સહજ રીતે યોગ્ય જગ્યાએ આવીને જે વ્યક્ત કરે છે તે છે પીડાની ઊર્મિ.અહી સંબોધન રીતિ દ્વારા કવિએ સંવેદનની અભિવ્યક્તિ રજુ કરી છે.કાવ્યના અંતે શૂદ્ર કન્યાની અધુરપની પીડા સમગ્ર દલિત સમાજની અધુરપ,પીડા ને અજંપો બની રહે છે.તો'પ્રશ્ન કાવ્ય' કાવ્યમાં દલિત કવિએ સવર્ણ મનુવાદીઓને પ્રશ્નો પૂછયા છે જેમાં દલિત સમાજની વેદના પ્રસ્તુત થઈ છે.જાતિવાદથી પીડાતા ભારતીય સમાજમાં દલિતોનું સામાજિક,રાજકીય,ધાર્મિક અને આર્થિક શોષણ હજારો વર્ષથી થતુ આવ્યુ છે.દલિત સમાજ હજારો વર્ષથી કેવી પીડા ભોગવતો આવ્યો છે એનો ખ્યાલ કવિએ આ કાવ્યમાં સવર્ણ-મનુવાદીઓને પૂછેલા પ્રશ્નોથી આવે છે.બ્રાહ્મણવાદી માનસિકતાથી જીવી રહેલા ભારતીય સમાજમાં દલિતોની સ્થિતિ પશુથી પણ બદતર છે.હા,એકવીસમી સદીમાં હવે દલિત સમાજ પ્રત્યેનો સવર્ણોનો દૃષ્ટિકોણ કઈક અંશે બદલાયેલો નજરે પડે.'કઈ બુલંદીએ'કાવ્યમાં નાયક પોતાની નાયિકાને ઉદ્દેશીને સમાજ પર થઈ રહેલા અત્યાચારોની યાદ અપાવી હવે કઈ બુલંદીએ પોતાના સમાજને પહોચાળવો કે જેથી કરીને આવા ક્રુર,પાશવી,અમાનવીય અત્યાચારો બંધ થાય.છાપાઓમાં રોજેરોજ દલિત સ્ત્રી-છોકરીઓ પર થતા અત્યાચાર,બળાત્કારની ઘટનાઓ આવે છે.દલિત સમાજ પરાપૂર્વથી સમાજના ઉત્કર્ષ માટે બલિદાન આપતો આવ્યો છે છતા તેના આ બલિદાનની કોઈ કદર થતી નથી ઉલટાનું તેના વળતર રુપે તેને અત્યાચારનો જ ભોગ બનવુ પડે છે.સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં પાણીની સમસ્યા સર્જાઈ ત્યારે દલિત વીર માયાએ બત્રીસ લક્ષણો પુરુષ બની

સમાજના હિત માટે બલિદાન આપ્યુ પણ દલિત સમાજનો કોઈ વ્યક્તિ એ તળાવમાંથી પાણી પી શકતો નથી તેથી જ કાવ્યનાયક કહે છે

"હવે એ તળાવ તળિયે મારા ફોગાયેલા શરીરને સમય ટોચે છે."[૧૫]

જ્યાં માનવ હોવાના અસ્તિત્વના પુરાવાઓ ચીથરેહાલ થયા હોય ત્યાં અસ્મિતા-માનવ ગૌરવની વાત કરવી જ બેબુનિયાદ-નિરર્થક છે.બ્રાહ્મણવાદી માનસિકતાથી પીડાય રહેલા સવર્ણો પ્રત્યે રુપક દ્વારા કટાક્ષ કરતા કવિ કહે છે

"આ ત્રિપુંડધારી સર્પોની જમાત

સોનાના ગંજ પર રાફડા બાંધી,

અહર્નિશ ફૂંફાડા માર્યા કરે છે.

ડંખે ડંખે આપણી ચીસ વાતાવરણને ભરી દે છે."[૧૬]

કાવ્યનાયકમાં આ બાબતે સભાનતા હોવા છતાં વિદ્રોહ કરવાની-પ્રતિકાર કરવાની હિંમત નથી કારણ કે કાળો સૂરજ હજુ પણ આ સમાજમાં અસ્તિત્વ ધરાવે છે.'અહલ્યાની વેદના'કાવ્યમાં નારીચેતનાને અભિવ્યક્ત કરવામાં આવી છે.પુરાણકાળની અહલ્યાએ ભલે રામના સ્પર્શથી મુક્તિ મેળવી હોય પણ આધુનિક અહલ્યા પરપુરુષના સ્પર્શથી મુક્તિ મેળવવા ઈચ્છતી નથી.પોતાના સ્વમાનના ભોગે એવી મુક્તિ તેને માન્ય નથી.

વિભાગ ૨:અસ્તિત્વ અમારું

આદિકાળથી સમાજમાં બે વર્ગ અસ્તિત્વ ધરાવે છે શોષક અને શોષિત વર્ગ.એમાં ભારતીય સંસ્કૃતિમાં તો શોષિત વર્ગના અસ્તિત્વને વધારે નમાલુ બનાવવામાં ધર્મનો પણ સાથ-સહકાર મળ્યો છે.શુદ્ર-દલિત વર્ગ તરીકે ઓળખાતા આ શોષિતોના અસ્તિત્વના પૂરાવા માટે કવિ છેક વેદકાલિન સંસ્કૃતિ સુધી પહોચ્યા છે.વિરાટ પુરુષના પગમાંથી જન્મેલા શુદ્ર વર્ગનું એક જ કામ છે એમનાથી ઉપરના ત્રણ વર્ગની સેવા કરવાનુ.એ સીવાય આ વર્ગે પોતાના ઉત્કર્ષ માટે-અસ્તિત્વને ટકાવી રાખવાનો વિચાર શુદ્ધા કરવાનો નહી પણ કાવ્યનાયક તો પોતાના અસ્તિત્વની ઓળખ પુરવાર કરવા માટે પ્રતિબદ્ધ છે.પવિત્રતાના નામે પશુઓની બલિ ચઢાવનાર સભ્યતામાં શુદ્રો હંમેશા શોષણનો ભોગ બન્યા.યુદ્ધ એજ કલ્યાણના મંત્રને પુરવાર કરવા શુદ્રવર્ગનો જ ભોગ યુદ્ધ મેદાનમાં લેવામાં આવ્યો.મંદિરોનાં નિર્માણમાં કાળી મજૂરી કરનાર દલિત વર્ગ.આમ,આવા તો કેટલાય અત્યાચારોનો ભોગ દલિત વર્ગ બન્યો.સવર્ણોની સુખાકારી માટે કાળી મજૂરી-વેઠ કરનાર વર્ગને નિમ્ન દ્દષ્ટિથી જ જોવામાં આવ્યો છે.આમ હોવા છતાં જાતિવાદી માનસિકતા ધરાવનારો વર્ગ એમને ઓળખવાનો ઈન્કાર કરે છે અને તેથી શોષિત વર્ગ વતી કવિ જણાવે છે

"ગામ છેડે

ગુફાવાસી જેવો

પડછાયા વિનાનો

પણ

વૈશાખી બપોર શો તાતો

અષાઢનો ગડગડાટ

દેવહુમાની રાખનો ફફડાટ

બની જાઉ ફરી ફરી પડકાર"[૧૭]

અસ્તિત્વને ટકાવી રાખવા માટે હવે સંઘર્ષ જ એકમાત્ર ઉપાય દલિત વર્ગ પાસે છે માટે જ કવિ કહે છે

સાંભળો....તમારા કાન પાસે સંભળાતો મારા મુક્કાનો અવાજ...[૧૮]

'હું મારા મા-બાપનુ લોહી'કાવ્યમાં દલિત સમાજના લોકોના અસ્તિત્વને વાચા આપવામાં આવી છે.કાવ્યનાયક કહે છે કે હું મારા મા-બાપનું લોહી છું.મા તેના માટે ઈશ્વર છે.પોતે નાનો હતો ત્યારે પોતાના કુણી હથેળીઓમાં ચુમી ભરતા તેની ટગરાતી આંખોનું વિષ્મય તેને અનુભવ્યુ છે.આર્થિક,સામાજિક અવદશાનો ભોગ બનેલા પોતાના પરિવારની દયનીય સ્થિતિમાં તેનું લાલન-પોષણ થયુ છે.સમાજમાં એનુ અસ્તિત્વ કૂતરા જેટલુય નથી તેમ છતા પોતે પોતાના મા-બાપનું લોહી છે એનું ગૌરવ તેને છે.માનવ સભ્યતાની વિવિધ અપ્રતિમ ઉપલબ્ધિઓની સામે માણસ-માણસ વચ્ચેનાં અંતરની ખાઈ હજી પુરાય નથી.એની લાચારી આ કાવ્યમાં અભિવ્યક્ત થવા પામી છે.કવિ માણસની ઉપલબ્ધિઓને એક પછી એક ગણાવતા જણાવે છે કે માણસ નામની મારી જાતિએ સૂર્યના કિરણોમાંથી સૌરશક્તિનું નિર્માણ કર્યુ.અગ્નિ ઉપર કાબુ મેળવ્યો.વરસીને વહી જતા બારમેઘના પાણીને નદીઓ પર બંધ બાંધીને કેદ કર્યું.દરિયાના પેટાળમાં સબમરીન પહોચાળી.અણુ-પરમાણુ બોમ્બ બનાવી માનવ જીવનના પ્રાણ કેદ કર્યા પણ આ બધી ઉપલબ્ધિઓ નિરર્થક છે.ભૂખની લાચારી માણસના મૂલ્યનું અવમૂલ્યન કરે છે.વિશાળ પૃથ્વી પર વસતા માનવજીવનમાંથી કેટલાય લોકો ભૂખને કારણે મૃત્યુ પામે છે.'અહી લાચાર છું'કાવ્યમાં પણ નાયક પોતાની ભૂખની લાચારીને વશ થઈ સળેલા ચીકું પર તુટી પડે છે અને તેથી જ કવિ કહે છે

"લાચાર છું દોસ્તો

હું મારી કબર પણ રચી શકતો નથી."[૧૯]

હજારો વર્ષથી ભારતમાં મરવાના વાંકે જીવી રહેલા દલિતોનું સામાજિક,આર્થિક,રાજકીય અને ધાર્મિક શોષણ થતું આવ્યુ છે.૨૧મી સદીમાં દલિત અત્યાચાર,શોષણના બનાવોના છમકલા સાંભળવા મળે છે ત્યારે આવી પરિસ્થિતિમાં પણ ટકી રહેલા દલિતોના અસ્તિત્વની સભાનતા સવર્ણવાદીઓ માટે તો એક વિસ્મયજન્ય બાબત જ છે.આ ભાવની વાત કરતી રચના છે'એક વિસ્મય'તો મૃત્યુ પામતા પહેલા અમાનુષી અત્યાચારો સામે લડી લેવા-ભાવિના ગર્ભમાં જીવી રહેલા કૃષ્ણોને(કૃષ્ણના વેશે જીવી રહેલા

અત્યાચારીઓને)નેસ્તનાબુદ કરવા માંગે છે કારણ કે તેણે જ અન્યાયી,અત્યાચારી વાતાવરણનું નિર્માણ કર્યુ હતુ.અહી 'એક દિવસ'નો કાવ્યનાયક પોતાને હિરણ્યકશ્યપના વંશજ તરીકે ઓળખાવે છે અને ભૂતકાળમાં થયેલા અત્યાચારોનો બદલો લેવા અન્યાયી-જાતિવાદી માનસિકતા ધરાવનારા નૃસિંહોને ચીરી નાખવાનો ખુલ્લો પડકાર ફેંકે છે.ઈતિહાસમાં જે વર્ગે સમાજના નિર્માણમાં પોતાનુ લોહી રેળ્યુ એવા દલિત વર્ગના અસ્તિત્વના પુરાવા પણ નથી મળતા ત્યારે કવિ ખુલ્લો પડકાર ફેકીને જણાવે છે

"ખાંસતી ફૂટપાથો ને હસતી દીવાલોની

ઈટના ચૂરેચૂરા કરી દઈશ

ચૂર્ણ કરી દઈશ નિયોન લાઇટની આંધીઓ

કવેણે ચમકતી તલવારોના વંશજોની

જીવ્હા કાપીને ટૂંકવી દઈશ."[૨૦]

કવિનો ધર્મ જીવનની કવિતા કરવાનો છે.કોઈપણ કવિ તેના સમકાલીન સમાજની વાસ્તવિકતાથી મોં ફેરવીને સૌંદર્યની કવિતા કરી શકે નહી એ સર્વવિદિત વાત છે.જોકે,આ વાત સાહિત્યના ઈતિહાસ તરફ નજર કરીશુ તો સો ટકા સાચી નથી.સાહિત્ય ઉપર પણ વર્ષોથી બ્રાહ્મણવાદનું જ વર્ચસ્વ છે અને તેથી જ તેમાં સર્વહારા-દલિત-ગરીબ વર્ગની પીડા નિરુપિત થયેલી ક્યાય નજરે પડતી નથી.તેથી જ આ દલિત કવિની પેલા સૌંદર્યની-સૃષ્ટિના રહસ્યની કવિતા કરનારા મહાન કવિઓ સામે ફરિયાદ અહી'કવિ અને હું'રચનામાં રજુ થવા પામી છે.મહાભારતમાં આવતા અર્જુનના પરાક્રમોની,એની ધનુષ્ય વિદ્યાની પ્રશંસા કરતા કવિઓ થાક્યા નથી પણ એની સામે શુદ્રના હાથે ઉછેર પામેલ અર્જુન કરતાય ધનુષ્ય વિદ્યામાં બળવાન એવો એકલવ્ય એકાંગી દૃષ્ટિવાળા કવિઓની નજરે પડ્યો નથી.અનઅધિકારી દ્રોણાચાર્યએ દક્ષિણારુપે(ભીખ)એકલવ્ય પાસે અંગુઠો માંગી લીધો.આવા તો કેટલાય બળવાન એકલવ્યોના અંગુઠાઓ છેદાયા.અંગુઠો કપાતા નીકળેલા લોહીથી ધરતી લાલ થઈ.આ તો હતી પૌરાણિક કાળની વાત તો અર્વાચીન-આધુનિક કાળનું પણ ઉદાહરણ આપતા જણાવે છે એમ વણાટકામમાં પાવરધા એવા અમારા વણકરો પાસેથી વણાટનો ધંધો પડાવી લઈ એમનુ ઔધોગિકરણના નામે શોષણ કરવામાં આવ્યુ.આવી જનસામાન્યની સમસ્યાઓને એમની સંવેદનાઓને પોતાની કવિતાનો વિષય ન બનાવતા જંગલના ફૂલોની રમણીયતા નિરુપવામાં જ તને ફૂરસદ મળી એ બાબતે કવિ ફરિયાદ કરે છે.કવિ પોતાના હાથની મજબુતાઈથી પરિચિત છે. તેઓ જાણે છે કે એ હાથ(દલિતના)ધનુષ્ય પકડી શકે છે,કાપડ વણી શકે છે,કલમ પકડી શકે છે અને જો આમ જ અત્યાચારો થશે તો બંદુક પણ પકડી શકે છે.

'મારે નથી કહેવું'કાવ્યમાં દલિત કવિ એક સંભાવના પ્રસ્તુત કરતા જણાવે છે કે જો કદાચ હું(દલિત)તારી(સવર્ણ)સાથે યજ્ઞવેદી પાસે વેદ-ઋચાઓ વાંચતો હોત,આપણે સાથે સાથે બાળરમતો રમતા હોત,આપણે એક થઈને પુરુષાર્થ કર્યો હોત પણ તારાથી(સવર્ણથી)એ ન થયુ.સવર્ણોએ દલિતોને

માનવની ગણતરીમાંથી બાકાત રાખ્યા.સવર્ણોએ દલિતોનો સ્વીકાર ન કર્યો અને દલિતોથી અન્યાયપૂર્ણ,અમાનવીય વર્તનનો વિરોધ-વિદ્રોહ ન થયો અને તેથી જ દલિતોને ગામછેવાડે વસવાનો વારો આવ્યો.દલિતો ગુલામ બન્યા અને સવર્ણો માલિક.સમય જતા બન્ને વર્ગ વચ્ચેની ખાઇ વધતી ગઇ અને એકબીજાના વિરોધી બન્યા.કાવ્યના અંતે કવિ મીઠા સ્વરે જણાવે છે કે તુંએ(સવર્ણ)જ્યારે મારાથી દૂર રહેવાનું નક્કી કર્યુ જ છે તો હવે મારે તને કાંઇ નથી કહેવું.

ગામડામાં વસતા દલિતની ગામના તળાવ સાથે જોડાયેલી સ્મૃતિ આહલાદક હોય શકે ખરી?ગામનું તળાવ એટલે જાતિવાદી માનસિકતાથી પીડાય રહેલા સવર્ણોનાં દલિતો પર થતા અત્યાચારોનું એક પ્રતીક.‘ગામ,તળાવ અને હું’રચનાનો કાવ્યનાયક પણ પોતાના ગામના તળાવે અત્યાચારનો ભોગ બન્યો છે અને તેથી તળાવની પાળે પગ મુકતા જ એનુ અસ્તિત્વ સળવળી ઉઠે છે.તળાવના નિર્માણમાં,એની ખોદાયેલી ચોકડીઓની દીવાલના નિર્માણમાં દલિતોનો જ પરસેવો રેળાયેલો હોવા છતાં તળાવમાંથી દલિતની બોડકી બકરી પાણી પી શકે છે પણ અસ્પૃશ્ય દલિત નહી.કાવ્યનાયક જાણે છે કે તળાવમાં એકઠું થતુ પાણી પોતાની ઝૂંપડીના નેવે થઇને પસાર થતી ઑકલીના વ્હેળાનું પાણી છે પણ જાતિવાદરુપી નશામાં ધૂર્ત એવા મૂર્ખ સવર્ણો વાત જાણવા છતા અનદેખી કરે છે અને તેથી જ દલિતનું સ્વમાન ધ્રુજી ઉઠે છે.‘ઉઠાવું છું કલમ’દલિત કવિતામાં સચ્ચાઇની અનુભૂતિનો રણકાર છે.દલિત કવિ કુદરતના સૌન્દર્યની પ્રશંસા કરતી કવિતા કરી શકે છે પણ તે પ્રતિબદ્ધ છે પોતાના સમાજની,પોતાને ભોગવવી પડેલી અમાનવીય યાતનાઓને શબ્દરુપ આપવામાં.આ કાવ્યમાં કવિ કઇક આવી જ વાત કરે છે.

દરેક માનવી પોતાના સ્વપ્નના જગતને સાકાર કરવા પ્રયત્નશીલ હોય છે.દલિત પણ પોતાના જીવનને રંગીનરુપ આપવાનુ સ્વપ્ન સેવતો હોય છે.સમાજમાં માનવીરુપે પોતે જીવે,સમાજમાં એનુ સ્વમાન જળવાય એ તેનુ મોટામાં મોટું સ્વપ્ન હોય શકે.ભૂતકાળમાં દલિતોને સાથે લઈ એમનો ઉપયોગ કરી લેવાના ષડયંત્રો સવર્ણોએ કર્યા છે અને હજુ પણ થાય છે અને તેથી જ‘તકિયો’રચનાનો કાવ્યનાયક સ્વપ્નના નિર્માણ માટે અલગ તકિયા(અધિકારો)ની શોધ કરી રહ્યા છે.

‘હવે’રચનામાં કવિનો આશાવાદ રજૂ થયો છે કે સામંતશાહી પ્રથાનો અંત આવતા દલિતના જીવનની દિશા બદલાશે.બાબાસાહેબ આંબેડકરના જીવન સંઘર્ષને પરિણામે બંધારણમાં દલિતોને અધિકાર મળ્યા.ભૂતકાળમાં તો દલિતોના જીવનનું કોઇ મૂલ્ય ન હતુ.પોતે માનવ છે એની ઓળખાણ દલિતોને બંધારણે આપી.દલિતોના જીવનમાં કેટલાક પાયાના સુધારા થયા,તેમનુ જીવનધોરણ સુધર્યુ એની સાથે કેટલાક નવો પ્રશ્નો પણ જન્મ્યા.ભણી ગણીને નોકરી મેળવનાર દલિત સવર્ણોની સોસાયટીમાં ઘર વસાવી શકતો નથી અને તેથી જ કવિને સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે તેઓ પોતાને હવે ક્યાં વસાવશે?

દલિત કવિતામાં પ્રતીક,કલ્પન,પુરાકલ્પન જેવા આધુનિક વાદોનો વિનિયોગ પણ થયો છે.તેમાં વિશિષ્ટ સંદર્ભો સાથે પ્રયોજાયેલા પુરાકલ્પનો ધ્યાન ખેંચે છે.હરીશ મંગલમ,કિસન સોસા,જીવણ ઠાકોર ,નિલેશ કાથડ વગેરેએ દલિત કથાવસ્તુને રજુ કરવા માટે ખાસ કરીને એકલવ્ય,કર્ણ જેવા પૌરાણીક

પાત્રોનો સંદર્ભ લઈને આવ્યા છે.દલપત ચૌહાણ પણ પોતાની કવિતામાં પુરાકલ્પનનો વિનિયોગ કરે છે.તેમની એકલવ્ય રચનામાં તેમણે વિશિષ્ટ રીતે દલિત અભિવ્યક્તિને વાચા આપી છે.આધુનિક એકલવ્ય હવે સાવધ થઇ ચૂક્યો છે અને આ સાવધતા તેણે સમય પાસેથી શીખી છે.અને તેથી હવે તેને છેતરવો સહેલો નથી માટે જ આજનો એકલવ્ય દક્ષિણામાં અંગુઠો તો શુ ચપટી ધૂળ પણ આપવા તૈયાર નથી.ભાષા રચનામાં તેમણે આ વાત મૂકી છે કે દલિત કવિ જ્યારે પોતાની વેદનાને શબ્દરુપે વાચા આપે છે ત્યારે તેની ભાષાનું રુપ મુખ્ય પ્રવાહની કવિતાની ભાષાથી જુદી હોય છે તેથી આવી દલિત કવિની શબ્દરચનાને કવિતા ગણવા સવર્ણવાદી સાહિત્યકારો તૈયાર નથી.આવી કવિતાને સંકુચિત ગણી સ્વીકાર કરવા તૈયાર નથી અને તેથી જ દલિત કવિ જણાવી દે છે કે મારી ભાષા મારા સમાજની જેમ જ સાવ સંકળામણમાં જીવે છે.

'મારી ઈચ્છા'કાવ્યમાં નાયક પોતાની કેટલીક ઈચ્છાઓ સંતોષવા-પરિપૂર્ણ કરવા માંગે છે કારણ કે તેને પુરવાર કરવું છે કે પોતે માણસ છે.અસ્તિત્વની સભાનતાની સાબિતી આપવા જ ધૂળથી ભર્યા માર્ગને પગથી ખૂંદી વળવાની ઈચ્છા છે પછી ભલે પગમાં છાલા પડી જાય.ચિત્કારી ચિત્કારીને કહેવુ છે કે હું માણસ છું,હું માણસ છું પછી ભલે પોતાનો કંઠ ચિરાય જાય.બ્રાહ્મણવાદીવર્ગે સ્થાપિત કરેલા સત્યને નેસ્તનાબુદ કરવા પોતાના વર્ગની હજારો વર્ષ જૂની અધુરી રહેલી ઈચ્છાઓને પરિપૂર્ણ કરવા કાવ્યનાયક તૈયાર થયો છે.તો'અમારે બોલવાનું નથી'કાવ્યમાં સર્વહારા-ગરીબ-દલિત વર્ગની વેદનાને નિરુપિત કરવામાં આવી છે.બસ હવે બહુ થયુ.બોલવાથી કે માંગવાથી કશું નથી મળવાનું તેથી જ શોષિત વર્ગ વતી કાવ્યનાયક શોષકવર્ગ પાસે જઈને હવામાં મુક્કો વિંજવાની વાત કરે છે.શોષિતવર્ગની અવદશા કેવી થઈ છે તેનું ચિત્ર કવિએ આ પ્રમાણે મુક્યુ છે જુઓ

"અમારી વેદનાએ,

અમારા હાડકાઓમાંથી માર્ગ કાઢયા છે.

અમારી નસો પણછની જેમ ખેંચાયેલી છે

અને કાળી ત્વચા

ઉનાળે ફાટી ગયેલ તળાવના કાંપ જેવી

તતડી ગયેલી છે."[૨૧]

બહુ મોડું થઇ જાય એ પહેલા હવે કાવ્યનાયક ગુલામીની-શોષણની બધી જ બેડીઓને તોડી વિદ્રોહ કરવાનું નક્કી કરે છે.

દલિત સમાજ સાથે ગરીબાઇ જન્મજાત સંકળાયેલી છે.આર્થિક અવદશાને કારણે દલિત સમાજ તેના જીવનધોરણમાં સુધારો કરી શક્યો નથી.'સવાર' કાવ્યમાં માનવજીવન સાથે જોડાયેલી ભૂખની પીડાને રજૂ કરવામાં આવી છે.સવાર તો દરેકની થાય છે પણ દલિત સમાજના માનવીની સવાર કઈક અલગ હોય છે.અહી તો સવાર થયુ છે એ જાણવા ઘરના બારણા કે બારી ખોલવાની જરુર નથી.ઘરના

વાતાવારણમાં સૂરજ આપોઆપ પ્રવેશી એની સઘળી બાબતોની જાણકારી મેળવી શકે છે.દલિત વર્ગનું પરિવાર ગઇ સાંજનું ભૂખ્યુ જ સુઇ ગયુ હતુ અને તેમની સવાર ન ઉઘ્યા કે ન જાગ્યા જેવી સ્થિતિમાં જ થઇ છે.સૂરજના આગમન સાથે ભૂખ પણ ખડખડાટ હાસ્ય ઘરમાં કરે છે.સન્નિધિકરણની પ્રયુક્તિ દ્વારા કવિએ'અગનપંખી'રચનામાં હજારો વર્ષથી પીડાતા દલિત-અસ્પૃશ્ય મનુષ્યની અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં અણુબોમ્બનો ભોગ બનેલા શહેર હિરોશીમાની વેદનાઓને રજુ કરી છે.આપણે જાણીયે છીએ કે અણુબોમ્બની ભયાનકતાના પરિણામો હિરોશીમા નગરના વાસીઓ હજુ ભોગવી રહ્યા છે તો ભારતીય સમાજમાં વસતો દલિતવર્ગ અમાનવીય અત્યાચારોનો ભોગ હજુય બને છે તેથી કાવ્યનાયક કહે છે આમ છતા કોઇ આપણને હજી સુધી નેસ્તનાબુદ કરી શક્યુ નથી.હિરોશીમા ફરી ઊભુ થયુ પણ દલિત વર્ગનો મનુષ્ય તો જન્મથી જ અગનપંખી છે.અમાનવીય અત્યાચારોની આગ હજુ પણ તેને દજાડી રહી છે.

વિભાગ ૩.મ્યાનમાંથી બહારઃ

સમાજથી દૂર ફેકાયેલા ગામ છેવાડે-જંગલોમાં રહેતા દલિત-આદિવાસી વર્ગની વેદના-સંવેદના અને ચેતનાને આ વિભાગની કવિતામાં નિરુપિત કરવામાં આવી છે.આર્થિક,સામાજિક અને રાજકીય ક્ષેત્રે ન્યાય મેળવવો કઠિન છે.મંજીલ દૂર છે છતા કવિ આશાવાદી છે તેથી જ દલિત સમાજને જાગૃત થવાનું આહ્વાન કરતા જણાવે છે

"તમે તો અવાજ-મુક્કો

સાહસ છો,દોસ્તો

જરા ટટ્ટાર થાઓ

પગ માંડો

કપાઇ જશે રસ્તો."[૨૨]

'કેસૂડાં'રચનામાં કેસૂડાંને શોષિતવર્ગનું પ્રતીક બનાવી શોષિત સમાજની વેદના-પીડાને નિરુપિત કરી છે.પ્રાચીન-અર્વાચીન ઘણા કવિઓએ પોતાની કવિતામાં કેસૂડાંનો પ્રતીકરુપે વિનિયોગ કર્યો છે.અહી દલિત કવિ કેસૂડાંને દલિત-શોષિત વર્ગના પ્રતીક તરીકે આલેખ્યુ છે.કાવ્યને અંતે કેસૂડાંને ઉદ્દેશીને દલિત સમાજને સંઘર્ષ કરવાનું આહ્વાન કરતા જણાવે છે

"કેસૂડાં મુક્કો બાંધી મગની આંખે

તોડી પાડો આભ.

કેસૂડાં વનવગડેથી,નદી ખાપરીની ખીણોથી

વહેતી મુકો દહાડ,રાની દહાડ.

કેસૂડાં ભાલે ચમક્યો ભાગ

કેસૂડાં ખરીની ખૂંટીએ રમતું મૂક્યુ સમણું

હવે ઉતાર.

કેસૂડાં વાચા વસંતી વાચ,

કેસૂડા જાગ થયુ પરભાત.

કેસૂડાં આજ ભલે અટવાયા...

ઉગશે કાલ,કાલ...કાલ...કરાલ."[૨૩]

દલિત કવિનું સવર્ણવાદીઓને ઉદ્દેશીને તું રુપે પ્રસ્તુત થયેલુ કાવ્ય છે'તું'.દલિતોનું સામાજિક,આર્થિક,રાજકીય એમ અનેક રીતે શોષણ જેઓ કરતા આવ્યા છે એવા સવર્ણવાદીઓની માનસિકતાને મુખર રીતે આ કાવ્યમાં ખુલ્લી પાડી આપી છે.તો'સાથી-મજદૂર'માં સામંતશાહી વ્યવસ્થાના ગામડામાં સાથી-મજદૂર તરીકે જમીનદારો-સવર્ણોને ત્યાં કામ કરતા દલિતોની અવદશાને તેમજ સવર્ણોની શોષણખોર વૃતિને અહી રજુ કરી છે.'તેઓ'રચનામાં સવર્ણોની અન્યાયપૂર્ણ વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે.ગામડામાં દલિતોને હજીય મંદિર પ્રવેશ પર પ્રતિબંધ છે પણ એ મંદિર તો દલિતોનાં પરસેવાથી-એમની મહેનતથી નિર્માણ થયુ હોય છે છતા તેમને મંદિરમાં પ્રવેશ મળતો નથી કારણ તેઓ અછૂત છે.દલિતો સવર્ણોના દરેક હૂકમને માને છે પણ જ્યારે દલિત પોતાના હક્ક અધિકારની વાત કરે છે ત્યારે તેમને ચૂપ કરી દેવામાં આવે છે.તો'જરુર' કાવ્યમાં બે વિરોધી સંસ્કૃતિનો ટકરાવ બતાવવામાં આવ્યો છે.બ્રાહ્મણવાદી માનસિકતા સામે કાળી મજૂરી કરતા શોષિતવર્ગની વેદના અહી રજૂ થવા પામી છે.એકને(બ્રાહ્મણવાદી સંસ્કૃતિ)જરુર છે ઈશ્વરના નવા અવતારના જન્મની તો બીજાને(શોષિત)જરુર છે પેટનો ખાડો પૂરવા રોટલાની.એકને મોક્ષની પ્રાપ્તિ જોઇએ છે તો બીજાને પીંડીએ વળગેલા થાકને માપવાની ઈચ્છા છે.એક ધર્મના નામે ભીખ માંગી શકે છે તો બીજો જો એમ કરે તો પાપી ગણાય છે. 'દોસ્તો યાદ રહે!'રચનામાં હજારો વર્ષથી શુદ્ર-દલિતવર્ગ આર્ય-સવર્ણોની કપટબુદ્ધિથી છેતરાતો આવ્યો છે તેથી કવિ હવે ચેતી જવા જણાવે છે.હવે આઝાદી કે ભીખ માંગવાની કે પગે પડવાની નમાલી વૃત્તિ આચરવાને બદલે શોષણ-અન્યાયની વિરુદ્ધ અવાજ ઊઠાવાનું જણાવે છે.

વિભાગ ૪- સંભારણાઃ

આ વિભાગમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર,ગાંધીજી,દલિતો-પીડિતો આદિવાસીઓના હામી ભાનુભાઇ અધ્વર્યુ,દક્ષિણ આફ્રિકાની આઝાદીના લડવૈયા નિગ્રો કવિ બેન્જોમિન મોલોઈસ જેવા વ્યક્તિવિશેષના કાવ્યો સાથે નવમાં દાયકામાં બનેલી કેટલીક અમાનવીય ઘટનાઓની સાથોસાથ કુદરતી આપત્તિ વાવાઝોડા દરમ્યાન થયેલ જનજીવનની બેહાલીનું ચિત્ર આપતા કાવ્યો મળે છે.આ ઉપરાંત ભારતની આર્થિક અવદશાનું સાચુ ચિત્ર રજૂ કરતી ઝૂંપડપટ્ટીઓ જેવી કે અઠવાલેન-સૂરતની એક વિશાળ ઝૂંપડપટ્ટી-એ ઝૂંપડટ્ટીમાં રહેતા ગરીબની ઘર વિશેની ઈચ્છાઓ એમની વેદનાઓનું ચિત્ર અહી આલેખાયુ છે.

વિભાગ ૫-અમદાવાદન પાળેઃ

આ વિભાગમાં નવમાં દાયકામાં અમદાવાદ જેવા શહેરમાં થયેલા કોમી હુલ્લડો,અનામત વિરોધી આંદોલન એ દરમ્યાન થયેલી માનવહિંસાઓ જેવી અમાનવીય બાબતો વિશે લખાયેલા કાવ્યો સમાવિષ્ટ છે.કારખાનાઓ-ઉદ્યોગોની સ્થાપના અમદાવાદ જેવા શહેરમાં ફેલાયેલ પ્રદૂષણ અને એને કારણે સામાન્ય જનજીવનને ભોગવવી પડતી મુસીબતો તરફ પણ આ કાવ્યો દ્વારા વાચકનું ધ્યાન દોર્યું છે.અહી ગઝલ સ્વરુપમાં લખાયેલા ચાર કાવ્યો મળે છે.આ રચનાઓમાં આપણને મળેલી આઝાદી કેટલી પોકળ છે તેનો નિર્દેશ કરી દેશની થયેલી હાલત બેકારી,ગરીબી,ભૂખમરો,કોમી હુલ્લડો જેવી સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યુ છે.'હું માણસ' રચનામાં ધર્મના રંગે રંગાયેલો માણસ તેની માણસ હોવાની સાચી ઓખળ ભૂલી ગયો છે અને માનવતાને નેવે મુકીને ધર્મઝનુની બની કોમી હુલ્લડોમાં માણસની કત્લેઆમ કરતો થયો છે એને અહી પ્રસ્તુત કરવામાં આવ્યો છે.૧૯૮૫માં થયેલા કોમી-અનામત વિરોધી હુલ્લડને ધ્યાનમાં રાખી આ કવિતા રચાઇ છે.'અમદાવાદ'એક દીર્ઘકાવ્ય છે.હિન્દુ-મુસ્લીમ વચ્ચેના કોમી હુલ્લડને ધ્યાનમાં લઇ અમદાવાદ જેવા શહેરની થયેલી અવદશાનું ચિત્ર આ કાવ્યમાં રજુ થયુ છે.અનામતનો વિરોધ કરનાર સવર્ણના મુખે'કીડી પર કટક'કાવ્યમાં રજૂ થયુ છે.અત્યાર સુધી સવર્ણોની ગુલામી કરનાર દલિતો બંધારણના કાયદાને લીધે અનામત મળતા એમની બરોબરી કરવા લાગ્યા જે સવર્ણોને ગમ્યુ નહી કે ગમતુ નથી અને અનામતનો વિરોધ કરવા આંદોલન પર ઉતરી આવ્યા.અહી કીડીને પ્રતીક બનાવી સવર્ણોની દલિતો પ્રત્યેની બ્રાહ્મણવાદી માનસિકતાને અહી પ્રકટ કરી છે.'ચાલો સૂરજ શોધીએ'માં રોજબરોજ બનતી અત્યાચારની ઘટનાઓને લીધે માણસ ટેવાય ગયો છે.એને કોઇ ફર્ક પડતો નથી અને તેથી જ કવિ કહે છે

"ઇતિહાસ તો બોબડો છે

બોલવુ તો મારે પડે છે."[૨૪]

દલિતો,વંચિતોનાં અવાજને એમની દબાયેલી પીડાને વાચા આપવાનું કામ દલિત કવિઓ કરતા આવ્યા છે.આ વિભાગમાં 'ગુલામી','અશક્ય','પૃથ્વીને શું નામ આપું?','નાબુદ કરો','મુક્તિગાન','વિજયઘોષ','પડછાયો','ખળું','આ ખેલ'જેવી રચનાઓમાં સૂરજ વિનાના-જાગૃતિ વિનાના અંધારિયા ખૂણામાં જીવતા દલિત-પીડિત વંચિતોના હ્રદયની સંવેદનાને નિરુપવામાં આવી છે.

'ગુલામી'રચનામાં ભારતીય સમાજમાં એક વર્ગ જે આર્થિક,સામાજિક અને રાજકીય ગુલામીનો ભોગ બની રહ્યો છે તે દલિત વર્ગની સંવેદનાને નિરુપવામાં આવી છે.દલિતવર્ગને ભલે ગુલામીની ઝંઝીરો નજરે દેખાય એવી પહેરાવામાં આવી નથી પણ હજારો વર્ષથી દબાયેલો આ વર્ગ પોતાના થઇ રહેલા શોષણ સામે અવાજ ઉચો કરીને બોલી પણ શકતો નથી.ગુલામીની આ અવસ્થાને ધાર્મિકતાનું પીઠબળ પણ મળેલુ છે અને તેથી જ આ વર્ગ હજીય દબાયેલો અને શોષિત છે.તો'અશક્ય'રચનામાં સમાજમાં અસ્તિત્વ ધરાવતા જાતિવાદી રાક્ષસને મૃત્યુને ઘાટ ઉતારવા કવિ તાંડવ રચવા નરબલિ યજ્ઞ કરવાનું જણાવે છે કારણ કે એ વિના,વિદ્રોહ વિના જાતિવાદને માત કરવો તેને હરાવવો કવિને અશક્ય લાગે

છે.દલિત સમાજને આ માટે જાગૃત થવા,અંગાર પર રહેલી રાખને હટાવવાનું કહે છે.પોતાના પૂર્વજ શંબૂક મુનિના મસ્તક તણી જે ગર્જના હતી તેને ફરી યાદ કરી તેમની એ ગર્જનાને ધ્યાનમાં લઈ નપુંસક રામ(જાતિવાદી,વર્ણવાદને ટેકો આપનારા સત્તાધિશો)પાસેથી રાતા લોહીનો હિસાબ માંગવાનું જણાવે છે.'પૃથ્વીને શું નામ આપું?'રચનામાં સત્તાભૂખ્યા,ધર્મના નામે માનવનું શોષણના કરનારા અમાનવીય ચહેરાઓએ સમાજના એક વર્ગને સતત દબાવવાનો એમના માનવ હોવાના અસ્તિત્વના લીરેલીરા ઉડાડવાનું કામ કર્યુ છે અને તેથી જ આવા વર્ગનાં માણસને પૃથ્વી વિશે પૂછતા મળતો જવાબ આ પ્રમાણે છે

"પૃથ્વી એટલે ત્રણ ભાગ પાણી,

એક ભાગ ભૂખ

પૃથ્વી એટલે ત્રણ ભાગ લોહી

એક ભાગ સત્તા."[૨૫]

સત્તાની પ્રાપ્તિ માટે માનવતાની બલિ ચઢાવનારા ક્રુર શાષકોએ શોષણના કાળા રંગને વધારે ઘાટો કર્યો.તો'નાબુદ કરો'માં દંભી,બ્રાહ્મણવાદી સંસ્કૃતિ તરફ આ કાવ્યમાં કટાક્ષ કરવામાં આવ્યો છે.તેત્રીસ કરોડ દેવતા જેનામાં વસે છે એ ગાયને માતા ગણી એની પૂંજા કરનારા દંભી હિન્દુત્વવાદીઓ બળદ પાસે કાળી મજૂરી કરાવે છે.ખસી કરાયા વગરનો બળદ જ ગાયને ગર્ભ ધારણ કરાવતો હોવાથી બળદ તેમનો પૂજનીય પિતા ગણાય છતાં એ જ બળદને ખસી કરાવી નપૂંસક બનાવનારી આ સંસ્કૃતિ થોડા પૈસાની લાલચે એની કતલ પણ કરાવડાવે છે.સંસ્કૃતિના નામે દંભ આચરનારી આવી બ્રાહ્મણવાદી સંસ્કૃતિ પાછી

"ગોવંશ હત્યા નાબૂદ કરો

ગોવંશ હત્યા નાબૂદ કરો"[૨૬]

ની બુમરાણો મચાવે છે.યુદ્ધ એ જ કલ્યાણ એમ ગીતામાં કૃષ્ણએ અર્જુનને ઉપદેશ આપ્યો છે.જગતમાં થયેલા વિનાશકારી યુદ્ધો પછી પણ માનવજાતે એમાંથી કશો બોધપાઠ લીધો નથી.યુદ્ધની ઘટનાઓ માનવસભ્યતાની ક્રુર માનસિકતાને જ પ્રગટ કરે છે.'વિજયઘોષ'માં કવિ માનવસંહાર કરીને થતા યુદ્ધના વિજયને સ્વીકારવા તૈયાર નથી કારણ કવિ જણાવતા કહે છે

"હું મરુભૂમિ-કુરુક્ષેત્રનો નથી

પણ મારું હૃદય ઋજુ-સંવેદનશીલ છે "[૨૭]

તેથી જ આવા વિજયઘોષને એ માન્ય રાખતા નથી.ઉચ્ચ-નીચનો,આભડછેટનો ખેલ વર્ષોથી બ્રાહ્મણવાદી માનસિકતા ધરાવનારા સવર્ણો દલિતો સાથે ખેલતા આવ્યા છે.અમાનવીય અત્યાચારો દલિતો પર થતા આવ્યા છે.ક્યારેક આ અત્યાચારોથી બચવા દલિતો પલાયન પણ કરે છે ત્યારે સવર્ણો

માટે મોટી મુસીબત ઊભી થાય છે આ મુસીબતો કેવી? તે'આ ખેલ'કાવ્યમાં મનુવાદી જાતિવ્યવસ્થાને પોષનારના મુખે રજુ થવા પામી છે.ગામડામાં દલિતો પર થતા અત્યાચારો સામે કોઈ દલિત અવાજ ઉચો કરીને બોલી શકતો નથી જો બોલવા જાય તો આખી દલિત વસ્તીને ભોગવવાનું આવે.ગામના બહિષ્કારનો સામનો કરવો પડે તેનાથી બચવા ચૂપ થઈને બેસી રહેવુ જ તેઓ વધારે પસંદ કરે.'ધૂણ લ્યા ધનિયા'કાવ્યમાં ગામડામાં વસતા દલિતોમાં ઘર કરી બેઠેલી અંધશ્રદ્ધાની આડે કઈ રીતે એક દલિત છોકરી પર થયેલા બળાત્કારની ઘટનાને છૂપાવવાનો પ્રયત્ન થાય છે તેનુ સાક્ષાત ચિત્ર અહી રજુ કર્યુ છે.સાચી વાત જાણતો હોવા છતાં,ગુનેગાર કોણ છે? એ પણ ખબર હોવા છતાં માતાનો ભક્ત અને સાથે માતાજી પણ દલિતોની રક્ષા કાજે જુઠ્ઠુ બોલતા ખચકાતા નથી.ગીત સ્વરુપની'અધૂરા સમણાનું ગીત'રચનામાં કવિએ મરેલા પશુનું અધૂરુ સ્વપ્ન જોનાર દલિતની અને એ જે વાસમાં રહે છે એની ગતિવિધિને એના પરિવેશને આ કાવ્યમાં નિરુપ્યુ છે.મરેલા ઢોરને ચીરવા માટે ઉપયોગમાં આવતા સાધનો આર,છરી,આડી,મોગરી,સાળ,સલાટ વગેરેનો સંદર્ભ અહી રજૂ થયો છે.કવિને ચોક્કસ વિશ્વાસ છે કે દલિતસમાજનો ઉદય થશે પણ દલિતોના ઉદયમાં અને સવર્ણોનાં ઉદયમાં તફાવત રહેલો છે.દલિતોના ઉદય માટે ઘણો સંઘર્ષ કરવો પડશે અને તેથી જ એનો ઉદય સૂર્ય સમાન હશે એમ 'ઉદય'માં કવિ કહે છે.'પરકીયા'હિન્દુ સંસ્કૃતિ દલિતો માટે પરકીયા છે.પરકીયા એટલે પોતાની સ્ત્રી કે પુરુષને છોડીને પરણેલી અન્ય સ્ત્રી કે પુરુષને પ્રેમ કરવો એમ દલિતો પણ પરકીયા એવી હિન્દુ સંસ્કૃતિથી આકર્ષાયેલા છે પણ કવિ તો આવી જાતિવાદથી પીડાતી,માનવ-માનવ વચ્ચે ભેદભાવ કરતી સંસ્કૃતિને તિલાંજલિ આપવાનું કહે છે.શુદ્ર બનવા કરતાં રાખ બનવાનું કવિ વધારે પસંદ કરે છે.

'ચોર કોટવાળને દંડે'રચનામાં કૂતરાનો પ્રતીક રુપે વિનિયોગ કરી સવર્ણોની જાતિવાદી માનસિકતાને ખુલ્લી પાડી છે.બંધારણીય જોગવાઈઓ લાગું થતાં બધાને સમાન અધિકાર મળ્યા.સમાન રીતે જીવવાની રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી તેમ છતાં સવર્ણો હજી પણ દલિતોને કેટલીક વિશેષ ઓળખ સાથે જોડી રાખ્યા છે.દલિતોને ગંદા કામ છોડવાની વાત કરે છે.દલિતોએ એમ પણ કર્યુ તેમ છતાં હજી તેમનો સ્વીકાર કરવાની તેમનામાં હિંમત નથી.સવર્ણોના દિમાગમાં ઘુસી રહેલો જાતિવાદી કચરો કાઢવા તેઓ તૈયાર નથી અને તેથી જ કવિ કહે છે

"સાલ્લાં...કૂતરાં ભસે છે.

પાછળ દોડે છે.

લાગ મળે તો,લ્હાવુંય નાખે.

કૂતરાંએ સુધરવું જોઈએ.

જેવું કોઈ કહેતું નથી."[૨૮]

જાતિવાદી માનસિકતા ધરાવતો ભારતનો સવર્ણવાદી વર્ગ દલિતોને સમાન દૃષ્ટિથી જોવાને બદલે એમને સુધરવાની સલાહ આપે છે.

ક્યાં છે સૂરજ?

ભારતીય સંસ્કૃતિમાં દલિતોનું કોઇ સ્થાન નથી.અન્યાયપૂર્ણ,અસ્પૃશ્યતાયુક્ત વ્યવહાર દલિતો સાથે થાય છે.તેમનો પડછાયો શુદ્ધા સવર્ણો જોવા માંગતા નથી તેથી કવિ પોતાના સ્વમાનભર્યા સૂરજની શોધમાં નીકળ્યા છે.

આમ,સમગ્ર રીતે તેમના બન્ને કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં તેમની દલિત પ્રતિબદ્ધતાનો પરિચય આપણને મળે છે.તેમના પ્રથમ કાવ્યસંગ્રહની તમામ રચનાઓ દલિત વિષયવસ્તુને તો નથી રજુ કરતી પરંતુ જે પણ રચનાઓ દલિત સંવેદનાને અભિવ્યક્ત કરે છે તે અસરકારક છે.તેમના આ બન્ને સંગ્રહોમાં અછાંદસ રચનાઓ વધુ છે.

તેમની આ રચનાઓની ભાષા મહદંશે તત્સમ પદાવલિથી યુક્ત છે.તો લોકભાષા-જનભાષાનો વિનિયોગ પણ તેમની આ રચનાઓમાં થયેલો જોવા મળે છે.તો કવિએ અહી દલિતચેતનાની અસરકારક અભિવ્યક્તિ માટે કલ્પન,પુરાકલ્પન તેમજ અલંકારોનો પણ ઉચિત વિનિયોગ કર્યો છે. જેમકે

"કાળી ડિબાંગ અષાઢી રાત્રિના અંધકારમાંથી

તડપતા અવાજોને કરી તાલબદ્ધ રચીએ કોઇ રણગીત" [૨૯](૧૯)

"ચાંદનીની ફિસ્સી લિસ્સી વાતો ઘડી ઢિલાસ અર્પતા શબ્દને ઓગાળી નાખીએ

સર સર પવનની મંદમંદ ક્ષણોણી ભ્રમણાને છિન્નભિન્ન કરી નાંખીએ

વંટોળ શી વહેવા દઇએ આપણી ત્રાડ"[30]

"તરસથી તાળવું ફાટું ફાટું થાય છે"[૩૧]

"આભ વચાળે બળબળતો બાર માસ શિયાળો"[૩૨]

"જેમ ખૂંપ્યા કરે નક્ષત્રના હરણની

છાતીમાં તીર અનરાધાર"[33]

"ડચકારે દોડતી ક્ષિતિજ

કઇ આશના તરંગમાં ઝબકે?"[૩૪]

અછાંદસ રચનાઓ તેમની પાસેથી વધારે મળે છે.

આક્રોશનું તત્વ ક્યાંક મુખર રીતે તો ક્યાંક કલ્પન,પ્રતીક,પુરાકલ્પન અને સન્નિધિકરણની પ્રયુક્તિ દ્વારા વ્યક્ત થવા પામ્યુ છે.તેમના આક્રોશયુક્ત કાવ્યોની સરખામણીમાં પ્રણય કાવ્યો સામાન્ય કક્ષાના લાગે છે.'તો પછી'કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામા મોહમ્મદ ઇસ્હાક શેખે નોંધ્યુ છે એ પ્રમાણે"લક્ષણામૂલક અર્થ અને એના વાચક શબ્દો આ કવિની રચનાઓની એક વિશિષ્ટતા બની રહે

છે.ભાવની ચક્રાકાર ગતિ,તદનુરુપ ભાષા લય પ્રવાહ,ચિત્રાત્મકતા અને ઈંદ્રિયગ્રાહ્યતા આ કવિને ઝેબ આપે છે."[૩૫]

પીડાની અભિવ્યક્તિ માટે માત્ર ભારતીય જ નહી,વૈશ્વિક સંદર્ભ પણ તેઓ લઈ આવ્યા છે.

સંદર્ભ સૂચિઃ


૧.કવિલોક,યોસેફ મેકવાન,જુલાઇ-ઓગષ્ટ ૧૯૮૪

૨.તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૧૫

૩. તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૧૬

૪. તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૨૦

૫. તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૨૧

૬. તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૨૩

૭. પણછ,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ,૨૦૦૧,પૃ.૧૫

૮. તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશકઃકવિ પોતે,પ્રથમ આવૃતિ.૧૯૮૩,પૃ.૨૪

૯.ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૨

૧૦.ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૨

૧૧. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૩

૧૨. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭

૧૩. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭

૧૪. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૧૦

૧૫ ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૧૧

૧૬. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૧૬

૧૭. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૧૭

૧૮. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૧૮

૧૯. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૨૦

૨૦. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૩૦

૨૧. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૩૩

૨૨. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૩૫

૨૩. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૩૫

૨૪. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭૧

૨૫. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭૩

૨૬. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭૪

૨૭. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૭૬

૨૮. ક્યાં છે સૂરજ?,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૦,પૃ.૮૬

૨૯.તો પછી,દલપત ચૌહાણ,પ્રકાશક પોતે,પ્ર.આ.૧૯૮૩,પૃ.૧૯

૩૦.એજન,પૃ.૨૦

૩૧.એજન,પૃ.૨૭

૩૨.એજન.પૃ.૨૯

૩૩.એજન,પૃ.૩૧

૩૪.એજન,પૃ,૩૫

૩૫.એજન,પૃ.સં.૩૮